# જૂનાગઢમાં આવતીકાલ તા. ૨૦મી ડિસેમ્બરે ભરતી મેળો યોજાશે

## રોજગાર વાંચ્છુઓએ ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર જિલ્લાનાં ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમો ડી.બી.કોર્પ લિમીટેડ તથા ફુલર્ટન ઈન્ડિયા ક્રેડીટ કંપની લિમીટેડ અને વેલ્સ્પુન ઈન્ડિયા લિમીટેડ ખાતે ખાલી પડેલ વિવિધ જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ ધો-૦૮ થી એચ.એસ.સીની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન બહાઉદ્દીન વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે આવતીકાલ તા.૨૦/૧૨/૨૦૨૨ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુંબંધમ પોર્ટલ ઉપર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન લીંક **https://anubandham.gujarat.gov.in/account/signup** ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ ઉપર **login** કરીને પોર્ટલ ઉપર જોબફેર મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જુનાગઢના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ મારફત સંપર્ક કરવા જણાવવામાં આવે છે. જિલ્લા રોજગાર અધિકારી, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

# પાક. વિદેશપ્રધાન બિલાવલ ભુટ્ટોએ મોદી વિરૂધ્ધ ઝેર ઓક્યું તેનાં વિરોધમાં જૂનાગઢમાં ભાજપ દ્વારા દેખાવો કરાયા





જૂનાગઢ, તા.૧૯

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માનાં માર્ગદર્શન હેઠળ યુવા મોરચો તેમજ ધારાસભ્ય, પદાધિકારીઓ, હોદેદારો, કાર્યકરો, કોર્પોરેટરો, આગેવાનો દ્વારા પુતળા દહન કરી વિરોધ કરવામાં આવ્યો હતો.

સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાશ્મીર મુદો ઉઠાવીને ભારતને સકંજામાં લેવાનો પ્રયાસ કરનાર પાકિસ્તાન જ બૂરી રીતે ફસાઈ જવા પામ્યું હતું. ભારતના વિદેશપ્રધાને પાક. પ્રેરિત આતંકવાદનો મુદ્દો ઉઠાવીને પાક. તેમજ તેનાં વિદેશ પ્રધાન ઉપર આક્રમક પ્રહારો કરતા ફફડી ગયેલા પાક. વિદેશપ્રધાન બિલાવલ ઝરદારી ભુટ્ટોએ ભારતનાં પીએમ મોદી માટે ઝેર ઓક્યું હતું તેમણે તમામ લક્ષ્મણરેખાઓ ઓળંગીને મોદી માટે તદન હલકી અને અશોભનીય, અપમાનજનક ભાષાનો પ્રયોગ કર્યો હતો. પીએમ મોદી માટે અશોભનીય ભાષાનો ઉપયોગ કરવાના મામલે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માએ પણ ઉગ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે પાકિસ્તાન ભારત માટે તદન હલકી માનસિકતાનું પ્રદર્શન કરે છે ૧૯૭૧ની હાર તેમને હજી પચતી નથી. આ તકે મહાનગર પ્રમુખ પુનિતભાઈ શર્મા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મેયર ગીતાબેન પરમાર , સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ, શાસકપક્ષના નેતા કીરીટભાઈ, દંડક અરવિંદભાઈ, આગેવાનો નિલેશભાઈ ધુલેશીયા, આદ્યાશક્તિબેન, નિર્ભયભાઈ, યુવા મોરચાના પ્રમુખ મનન અભાણી તથા દરેક મોરચાનાં પ્રમુખ, મહામંત્રી, વોર્ડ પ્રમુખ, મહામંત્રી તથા બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પુતળા દહન કરી રેલી સ્વરૂપે કલેકટર કચેરી ખાતે કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં પ્રગતિશીલ ખેડૂતોની તાલીમ યોજાઈ

## કૃષિલક્ષી નવીન જ્ઞાનથી લાભાન્વિત થતા ખેડૂતો





જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે સેન્ટર ઓફ કોમ્યુનિકેશન નેટવર્ક યોજના અંતર્ગત ગોંડલ અને કાલાવડ તાલુકાના જુદા જુદા ગામના ૭૫ પ્રગતિશીલ ખેડૂત ભાઈઓને કૃષિલક્ષી તાલીમ આપવામાં આવી હતી. જેમાં તજજ્ઞો દ્વારા ખેતિ, પશુપાલન, પાકમાં રોગ નિયંત્રણ, સજીવ ખેતિ સહિતના કૃષિલક્ષી બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

કુલપતિ ડો.વી.પી. ચોવટીયાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ તાલીમ કાર્યક્રમનું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી, ડો. એચ.એમ. ગાજીપરાના ઉદઘાટન હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ખેતી સાથે સામુહિક પશુપાલન વ્યવસાય કરી તેને સ્વીકારીએ જેથી પૂરક આવક મેળવી, આર્થિક સદ્ધરતાથી કુટુંબની સુખાકારી વધારી શકાય. ઉપરાંત ખેતીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવા પર તેમણે ભાર મુક્યો હતો. આ સાથે જમીનનું પૃથ્થકરણ કરાવી અને તેમનું ભલામણ પ્રમાણે ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે તેમણે જણાવ્યું હતું. આ તાલીમમાં સજીવ ખેતી, શિયાળુ પાકોમાં જીવાત નિયંત્રણ, શિયાળુ પાકોમાં રોગ નિયંત્રણ, રાસાયણિક ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ વગેરે વિષય ઉપર તજજ્ઞોએ માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ડો. એચ.સી. છોડવડીયા, ડો. જી.આર.ગોહિલ, વિપુલભાઈ સવસોયા, પ્રભુદાસભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અને સંકલન ડો.બી.એન. કલસરીયાએ કર્યું હતું.

## જૂનાગઢમાં ઉર્જા સપ્તાહની ઉજવણી અંતર્ગત રેલી યોજાશે

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢમાં આગામી તા.૨૦/૧૨/૨૦૨૨નો મંગળવારના રોજ વિજ સલામતી અને ઉર્જા સપ્તાહની ઉજવણી અનુસંધાને રેલીનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે જે અંગે મળતી વિગત અનુસાર વિજ સલામતી અને ઉર્જા બચત સપ્તાહ ઉજવવામાં આવી રહેલ હોય તે અન્વયે રેલીનું આયોજન તા.૨૦/૧૨/૨૦૨૨નો મંગળવારના રોજ સવારે ૯:૧૫ કલાકે પીજીવીસીએલ પટાંગણ આઝાદ ચોક-ચિતાખાના ચોક-ગાંધી ચોક, વૈભવ ફાટક, તળાવ રોડ, આઝાદ ચોક પીજીવીસીએલ પટાંગણ સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ છે.

## શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટ દ્વારા

# જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર જવાહર રોડના સહયોગથી વિનામુલ્યે શ્રી સદગુરૂ નેત્રયજ્ઞ

જૂનાગઢ, તા.૧૯

રાજકોટના પ.પૂ.રી રણછોડદાસબાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર જવાહર રોડના સહયોગ, સહકાર થકી દરમાસની તા.૨૨ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પનો સમય સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે તો આ કેમ્પનો મોતિયાના દર્દી ભગવાનએ લાભલેવા વિનંતી, કેમ્પમાં ડોકટરને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળથી પ.પૂ.સદગુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પીટલમાં લઈ જવાની વિનામુલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેંકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામુલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ બીજા દિવસે દર્દીને જૂનાગઢ કેમ્પના સ્થળે વિનામુલ્યે પરત મુકી જવામાં આવશે તો આ કેમ્પનો જરૂરીયાતમંદ દર્દીએ લાભ લેવા અનુરોધ કરેલ છે. આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ તથા મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અનો બાલાભાઈ તન્નારાણા સર્વે જહેમત ઉઠાવી રહેલ છે તો આ કેમ્પનો લાભ લેવા જણાવેલ છે.

# મૃગરાજ જૂનાગઢ એસપીએનએફ પ્રોડ્યુસર કંપની લિમિટેડની વાર્ષિક સાધારણ સભા યોજાઈ





જૂનાગઢ, તા.૧૯

કેન્દ્ર સરકારની સીએસએસ ૧૦ હજાર એફપીઓ બનાવવાની યોજના હેઠળ ઈમ્પલીમેન્ટેશન એજન્સી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (સાહસ ગુજરાત સરકાનું) અને સીબીબીઓ ટૂ લાઈફ એન્ટરપ્રાઈઝ હેઠળ સૌરાષ્ટ્રનાં મેંદરડા, વિસાવદર અને ભેંસાણ તાલુકાનાં એફપીસી મૃગરાજ જૂનાગઢ એસપીએનએફ પ્રોડ્યુસર કંપની લિમિટેડની પ્રથમ વાર્ષિક સાધારણ સભાનું આયોજન થયું હતું જેમાં આત્મા વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ડિરેક્ટર હાર્દિકભાઈ લાખાણી, એમ.કે. વાળા (કિસાન સંઘર્ષ સમિતિ), પ્રાકૃતિક કૃષિના પ્રચારક ડો.રમેશભાઈ સાવલિયા, સીબીબીઓ તરફથી ઉદયભાઈ પુરોહિત, સંદીપભાઈ ભંડેરી અને રોનકભાઈ ઠાકર , મૃગરાજ એફપીઓના ડાયરેક્ટર તેમજ અન્ય અધિકારીઓની હાજરી રહી હતી જેમાં એફપીસીનાં સીઈઓ કિશનભાઈ ધડુકએ એફપીઓ વિશે જનરલ માહિતી આપી હતી તેમજ ગતવર્ષમાં થયેલ કાર્યો અને હવે પછી એફપીસીની મદદથી થનારા પ્રોજેકશનની જાણકારી આપી તેમજ વિશેષમાં એફપીસીનાં ડિરેક્ટર મિતેશભાઈ ધડુકએ એફપીસીમાં પ્રાકૃતિક કૃષિ કરતા અને પ્રાકૃતિક કૃષિ કરવા માંગતા ખેડૂતોને એફપીસીમાં જોડાઈ અને યોજનાનો જેમ બને એમ વધુ લાભ લેવા તેમજ ખેડુત ઉત્થાનનાં કાર્યમાં સહભાગી બનવા અપીલ કરી હતી. ત્યારે સીબીબીઓનાં ઉદયભાઈ પુરોહિતએ એફપીસીને સરકારની વિવિધ યોજનાઓ જેવી કે એગ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અને પીએમએફએમઈની માહિતી આપી તથા રોનકભાઈ ઠાકરએ એફપીસીને ઈક્વિટી ગ્રાન્ટની સંપૂર્ણ માહિતી આપી હતી. વિશેષમાં આ મીટીંગ દરમ્યાન ઈક્વિટી ગ્રાન્ટ પેટે સભાસદો તરફથી ૩૩,૦૦૦/- શેર ભંડોળ એકત્રિત થયું હતું. ત્યારબાદ આત્મા વિભાગનાહાર્દિકભાઈ લાખાણી દ્વારા પ્રાકૃતિક કૃષિમાં આત્મા વિભાગ ખેડૂત સંગઠનોને મદદરૂપ થશે તેની તથા રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ ખેત ઉત્પાદનનાં મૂલ્યવર્ધન માટે ચાલતી યોજનાઓની માહિતી આપી હતી ત્યારબાદ ડો.રમેશભાઈ સાવલિયા દ્વારા પ્રાકૃતિક કૃષિ વિશેની સંપૂર્ણ માહિતી આપી તથા તેનો પ્રચાર પ્રસાર કેવી રીતે વધી શકે તેની ચર્ચા કરી હતી. અંતમાં બધા લોકોએ રાષ્ટ્રગાન કરી અને સભાનાં અધ્યક્ષસ્થાનેથી દરેકની આભાર વિધિ કરવામાં આવી હતી.

# દ્વારકાધીશનાં દર્શન કરતા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા

(રાકેશ સામાણી દ્વારા)



દ્વારકા, તા.૧૯

ખંભાળિયાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના વન અને પર્યાવરણ સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને પ્રવાસન વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન કરી અને જગતગુરૂ શંકરાચાર્યજીના શારદા મઠ ખાતે સ્વામી સદાનંદ સરસ્વતીજીના આશીર્વાદ લીધા હતા.

# શાળામાં મહાભારત-રામાયણનું શિક્ષણ અપાશે, ડ્રાફ્ટ તૈયાર

## ૨૮મી સુધી મોકલી શકાશે સૂચન, ભારતીય જ્ઞાન પ્રણાલીને શિક્ષણના દરેક સ્તરે સામેલ કરાશે

નવી દિલ્હી, તા.૧૯

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ઈન્ડિયન નોલેજ સિસ્ટમમાં ફેકલ્ટી સભ્યોની તાલીમ માટે ડ્રાફ્ટ માર્ગદર્શિકા બહાર પાડી છે. આમાં, ખગોળશાસ્ત્ર, વૈદિક ગણિત, ભારતીય આર્થિક ઈતિહાસ, મહાભારત અને અર્થશાસ્ત્રના પાઠ, રસાયણશાસ્ત્ર અને ધાતુશાસ્ત્રમાં પ્રાચીન અને મધ્યયુગીન ભારતનું યોગદાન અને આયુર્વેદ સહિતના ઘણા ક્ષેત્રોમાં અભ્યાસક્રમો સૂચવવામાં આવે છે.

હાયર એજ્યુકેશન રેગ્યુલેટર દ્વારા જાહેર કરાયેલા ડ્રાફ્ટને **Training of Faculty on Indian Knowledge System'** નામ આપવામાં આવ્યું છે. આ ડ્રાફ્ટ ઉપર ૨૮ ડિસેમ્બર સુધી સૂચનો આપી શકાય છે. યુજીસી દ્વારા રચવામાં આવેલી ૧૦ સભ્યોની નિષ્ણાંત સમિતિ દ્વારા માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. **(UGC)** ચીફ એમ જગદેશ કુમારે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ **(NEP)** ૨૦૨૦ને અનુરૂપ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. એવાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે ભારતીય જ્ઞાન પ્રણાલીને શિક્ષણના દરેક સ્તરે સામેલ કરવી જોઈએ. જ્યારે શિક્ષકો આ વિષયોથી માહિતગાર થશે, ત્યારે તેઓ ભારતીય વિદ્યાર્થીઓને પણ આ બાબતોથી વાકેફ કરી શકશે. **UGC**ના વડાએ કહ્યું, માર્ગદર્શિકા **IKS** વિશે અમારા ફેકલ્ટી સભ્યોને રજૂ કરવા અને આગળ વધવા માટે એક રોડમેપ પ્રદાન કરે છે. આ માર્ગદર્શિકા ફેકલ્ટીને તેમના વર્ગોમાં શીખવવાની વસ્તુઓ વિશે પણ જણાવે છે. તેમણે કહ્યું, માર્ગદર્શિકા આપણા યુવાનોને ભારતમાં પરંપરાગત જ્ઞાનના વિશાળ ભંડાર વિશે માહિતગાર કરશે. આ જ્ઞાનને આધુનિક વૈજ્ઞાનિક પ્રગતિ અને ટેકનોલોજી સાથે જોડવામાં આવશે. તેમણે કહ્યું, તે આધુનિક વિષયો સાથે ભારતીય પરંપરાગત જ્ઞાનના એકીકરણની સુવિધા આપશે. આ ઉપરાંત તે માનવ સમાજ તરીકે આપણા પડકારોના સર્જનાત્મક અને નવીન ઉકેલોમાં ફાળો આપશે.

**ક્યા વિષયોની તાલીમ આપવામાં આવશે ?**

ઈન્ડિયન સાઈન્સ એન્ડ ટેક્નોલોજી સિલેબસ મોડ્યુલ હેઠળ, **UGC** માર્ગદર્શિકામાં નકેરળના ખગોળશાસ્ત્રીઓ દ્વારા કેલ્ક્યુલસની શોધ, નવેદાંગ જ્યોતિષ અને સમય અને કેલેન્ડર માપન, ખગોળશાસ્ત્રીય જ્ઞાન અને કૃષિ અને હડપ્પા અને ગુજરાતની પરંપરાગત જળ વ્યવસ્થાપન પ્રણાલીથનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષકોને વિષયો ઉપર તાલીમ આપવામાં આવશે. સૌ પ્રથમ અર્થશાસ્ત્રમાં સોનું, ચાંદી અને અન્ય ધાતુઓની માહિતી આપવામાં આવી છે. આને લગતા વિષયોની માહિતી શિક્ષકોને આપવામાં આવશે. ભારતીય ખગોળશાસ્ત્ર અને ગ્રહો વગેરે વિશે પણ તાલીમ આપવામાં આવશે.

## લીવ ઈન રીલેશનશીપમં રહેતી પત્નીની અને સંતાનની ભરણ પોષણની અરજી રદ કરી

# પતિનો છુટા છેડાનો દાવો મંજુર કરતી જૂનાગઢની ફેમીલી કોર્ટનો ચુકાદો

જૂનાગઢ, તા.૧૯

પતિનો છુટા છેડાનો દાવો મંજુર કરતો ચુકાદો જૂનાગઢની ફેમીલી કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલ છે. આ કેસની વિગત એવા પ્રકારની છે કે, તા.૧૧/૨/૨૦૦૭ના રોજ રમેશભાઈના લગ્ન સુમીતાબેન સાથે થયેલા લગ્ન જીવનથી ત્રણ સંતાનો થયેલા. પત્ની પરણીત હોવા છતાં પ્રવિણભાઈ નામના વ્યકિત સાથે પ્રમે સંબંધ હોય અને બંને લીવ ઈન રીલેશનશીપમાં રહેતા હોય પત્ની એક સંતાનને લઈને પ્રવિણભાઈ સાથે અલગથી રહેવા ચાલ્યા ગયેલા. પતિ તરફથી સમાધાનના અને સમજાવવવાના ઘણા પ્રયત્નો કરેલા પરંતુ પત્ની માનેલ નહી જેથી પતિ તરફથી જૂનાગઢની કોર્ટમાં છુટા છેડાનો કેસ દાખલ કરેલો જેમાં પત્ની તરફથી પોતાની અને એક સંતાનની ભરણ પોષણની અરજી કરેલ કોર્ટ બંને પક્ષોની દલીલો સાંભળેલી. પતિના એડવોકેટ તરફથી ધારદાર દલીલોને ધ્યાનમાં લઈને પત્ની અને સંતાનની ભરણ પોષણની અરજી રદ કરી પતિના છુટા છેડા મંજુર કરવાનો જૂનાગઢની ફેમીલી કોર્ટે હુકમ કરેલ. આ કેસમાં પતિ તરફે જૂનાગઢના એડવોકેટ જીતેન પી. જોષી રોકાયેલ હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# નૌકાદળ ક્ષેત્રે મહિલા નાવિકોની ભરતી એ મોટુ પગલું છે

વિશ્વની પાંચ સૌથી મોટી શક્તિશાળી નૌસેના ધરાવતા દેશોની યાદીમાં સામેલ ભારતીય નૌસેનામાં સ્ત્રી શક્તિની ભાગીદારી વધી રહી છે. એમ તો હાલનાં વર્ષોમાં સૈન્ય ક્ષેત્રો સાથે જોડાયેલા કેટલાય મોરચે મહિલાઓની હિસ્સેદારીમાં વધારો થયો છે, પરંતુ ભારતીય નૌકાદળ પહેલી વાર મહિલા નાવિકોને સેવામાં સામેલ કરી રહી છે.

નૌકાદળના પ્રમુખ અનુસાર 'અગ્નીવીરોની પહેલી બેચની સુચના મળી ગઈ છે, લગભગ ૩૦૦૦ અગ્નીવીર નેવીમાં સામેલ થઈ ગયા છે, જેમાંથી લગભગ ૩૪૧ મહિલાઓ છે.' આ લૈંગિક સમાનતા અને સામાજિક બદલાવ લાવવાથી લઈને રોજગારના મોરચા સુધી, મહિલાઓ માટે નવી આશાઓ જગાવનારા સમાચાર છે. સાથે જ આ બેટીઓને પોતાની રુચિ, ક્ષમતા અને યોગ્યતા અનુસાર આગળ વધવાનો અવસર આપનારું પગલું પણ છે.

નૌકાદળના પ્રમુખે પણ કહ્યું છે કે 'સેનાઓને જેન્ડર ન્યુટ્રલ રહેવું જોઈએ. ભારતીય નૌકાદળમાં પહેલાં ફાઈટર પાયલટો અને મહિલા એર ઓપરેશન ઓફિસરોની ભરતી થતી હતી. હવે મહિલા નાવિકોની પણ ભરતી થઈ રહી છે.' સાચે જ દેશની સુરક્ષામાં સતર્ક રહેનારી સેનાના સમુદ્રી મોરચે જોડાવું મહિલાઓનું માન અને મનોબળ બંને વધારી રહ્યું છે. સાથે જ તે સમાજ અને પરિવારની માનસિકતામાં આવેલા બદલાવને પણ રેખાંકિત કરે છે, કારણ કે સૈન્ય ક્ષેત્ર ક્યારેક પુરુષોના વર્ચસ્વ માટે જ ઓળખાતા હતા. વાત ફક્ત મહિલાઓની ભરતી નહિ કરવાના નિયમો માત્રની જ નથી, ઘર-પરિવારના લોકો પણ આ ક્ષેત્રોમાં બેટીઓને મોકલવા મુદ્દે સહમત અને સહજ ન હતા. તેથી આ સામુદાયિક સ્તર ઉપર આવેલો મહત્ત્વનો બદલાવ જ કહી શકાય કે બેટીઓ અને તેમના પરિજન રોજગાર અને દેશ સેવા માટે પૂરતા ભરોસા સાથે સૈન્ય ક્ષેત્રોને પસંદ કરી રહ્યા છે.

અસલમાં ૧૯૯૨ સુધી મહિલાઓને માત્ર સશસ્ત્ર સેના મેડિકલ કોરમાં સામેલ કરવામાં આવતી હતી. નૌકાદળમાં પણ મહિલાઓને ગણીગાંઠી શાખાઓમાં જ અલ્પકાલીન કમીશન અધિકારી રૂપે ભરતી કરવામાં આવતી હતી. ત્યાં સુધી કે છોકરીઓ માટે સૈનિક સ્કૂલમાં ભણવાના રસ્તા પણ હાલમાં જ ખલ્યા છે. સુખદ છે કે નેશનલ ડિફેન્સ એકેડેમીમાં મહિલાઓની પહેલી બેચ ૨૦૨૫માં પાસઆઉટ થશે. આ બેચમાં ૧૯ મહિલાઓ સામેલ છે, જેમાંથી ૧૦ થલસેના, છ વાયુસેના અને ત્રણ નૌકાદળ માટે છે. કેટલાક સમય પહેલાં ભારતીય નૌકાદળમાં પહેલી વાર બે મહિલા અધિકારીઓની યુધ્ધપોત ઉપર પણ તૈનાતી કરવામાં આવી હતી. નૌકાદળમાં મહિલાઓને આ મહત્ત્વની જવાબદારી મળવી સૈન્ય ક્ષેત્રોમાં તેમની ભાગીદારી સાથે જોડાયેલ મોરચે એક નવી શરૂઆત ચોક્કસ હતી, પરંતુ હવે મહિલા નાવિકોની ભરતી ખરેખર એક મોટું પગલું છે.

### બીસીસીઆઈ-આસીસી વચ્ચે ટેક્સ વિવાદથી સ્થિતિ વણસી

# ટેક્સ વિવાદને લઈને ભારતના વન-ડે વર્લ્ડકપની યજમાની ઉપર સંકટ

## આઈસીસી ઈવેન્ટનું આયોજન કરનાર દેશે તેની સરકાર સાથે સંકલન કરીને ટેક્સ મુક્તિ માટેની વ્યવસ્થા કરવાની હોય છે

નવી દિલ્હી, તા.૧૯ ભારતમાં યોજાનાર વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩ પર સંકટના વાદળો ઘેરાય ગયા છે. બીસીસીઆઈ અને આઈસીસી વચ્ચેના ટેક્સ વિવાદને કારણે સ્થિતિ વણસી રહી છે અને જો કોઈ ઉકેલ નહીં આવે તો ભારત પાસેથી વર્લ્ડકપની યજમાની પણ છીનવાઈ શકે છે. આઈસીસીએ બીસીસીઆઈને ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપના આયોજન માટે ભારત સરકાર પાસેથી ટેક્સ મુક્તિની વ્યવસ્થા કરવા સ્પષ્ટપણે કહ્યું છે. જોકે, આવું થવું મુશ્કેલ છે કારણ કે ભારત સરકાર કોઈપણ પ્રકારની ઘટનામાં આવી છૂટ આપતી નથી. વર્ષ ૨૦૧૬માં જ્યારે ભારતે ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન કર્યું હતું, ત્યારે પણ આ વિવાદ આઈસીસી અને બીસીસીઆઈ વચ્ચે થયો હતો. તે સમયે બીસીસીઆઈ ભારત સરકાર તરફથી આ છૂટ મેળવી શક્યું ન હતું અને અંતે તેણે આઈસીસીને તેના હિસ્સાના ૧૯૦ કરોડ રૂપિયા ચૂકવવા પડ્યા હતા.

આ વખતે એ જ સ્થિતિ ફરી ઉભી થઈ છે. આઈસીસીની નીતિ અનુસાર, આઈસીસી ઈવેન્ટનું આયોજન કરનાર દેશે તેની સરકાર સાથે સંકલન કરીને ટેક્સ મુક્તિ માટેની વ્યવસ્થા કરવાની હોય છે.

જો બીસીસીઆઈ ૨૦૨૩ વન-ડે વર્લ્ડકપ માટે આવું નહીં કરી શકે તો તેણે આઈસીસીને પોતાના હિસ્સાના ૯૦૦ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. આ માટે બીસીસીઆઈ તૈયાર નથી અને જો આવી સ્થિતિનું નિર્માણ થાય તો બીસીસીઆઈ આઈસીસી વિરુદ્ધ કોર્ટમાં જઈ શકે છે. આ સિવાય જો ટેકસનો મુદ્દો ઉકેલવામાં ન આવે અને આઈસીસીને તેનો હિસ્સો ન મળે તો તે યજમાન બદલવાનું પણ વિચારી શકે છે. હવે બીસીસીઆઈ આ મુદ્દાને જલ્દી ઉકેલવાનો પ્રયાસ કરશે નહીંતર આગામી વર્લ્ડકપનું આયોજન કોઈ બીજા દેશમાં કરવામાં આવી શકે છે.

### ચીનના અતિક્રમણ સામે ભારતીય સેનાના પ્રયાસોની પ્રશંસા

# સેનાએ હંમેશા પોતાની બહાદૂરી સાબિત કરી છે: રાજનાથસિંહ

## સંરક્ષણ મંત્રીએ ફેડરેશન ઓફ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૯૫મા વાર્ષિક સંમેલનને સંબોધન કર્યું

નવી દિલ્હી, તા.૧૯ રક્ષામંત્રી રાજનાથ સિંહે તવાંગમાં ચીન દ્વારા અતિક્રમણના પ્રયાસો સામે ભારતીય સેનાની કાર્યવાહીની પ્રશંસા કરી છે. ફિક્કીના એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે ગલવાન હોય કે તવાંગ, ભારતીય સેનાએ હંમેશા પોતાની બહાદુરી સાબિત કરી છે.

તેમણે બંને દેશોની અર્થવ્યવસ્થામાં તફાવત પણ દર્શાવ્યો અને કહ્યુ કે વર્ષ ૧૯૪૯માં ચીનનો જીડીપી ભારત કરતા ઓછો હતો, છતાં ૧૯૮૦ સુધી ભારત વિશ્વના ૧૦ સૌથી મોટા અર્થતંત્રવાળા દેશોમાં સામેલ નહોતું. પરંતુ તેણે જબરદસ્ત વિકાસ કર્યો. આજે ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા પણ બની ગઈ છે. સંરક્ષણ મંત્રીએ ફેડરેશન ઓફ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૯૫માં વાર્ષિક સંમેલનને સંબોધિત કરતા આ વાત કહી હતી. રક્ષામંત્રીએ કહ્યું કે ૨૦૧૪માં ભારત વિશ્વની નવમી સૌથી મોટી અર્થવ્યવસ્થા જ્યારે આજે ભારત ૩.૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા સાથે વિશ્વની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. અમેરિકા પછી ચીન વિશ્વનો બીજો સૌથી મોટો અર્થતંત્ર દેશ છે. રક્ષા મંત્રીએ કહ્યું કે અમે વિશ્વના કલ્યાણ માટે મહાસત્તા બનવા માંગીએ છીએ. એવું ન માનવું જોઈએ કે અમે કોઈ દેશ પર આધિપત્ય જમાવવા માગીએ છીએ અથવા કોઈ બીજાની એક ઈંચ જમીન પર પણ કબજો કરવા માગીએ છીએ. અમે ભારતીય સંસ્કૃતિમાં માનીએ છીએ. ભારતે સમગ્ર વિશ્વની એકતા માટે 'વસુધૈવ કુટુંબકમ'નો સંદેશ આપ્યો છે. વર્ષ ૨૦૧૩ પહેલા પ્રવર્તતી અંધકારમાંથી ભારત સંપૂર્ણ રીતે બહાર આવી ગયું છે. આજે ભારત વિશ્વ માટે આશાના કિરણ તરીકે ઉભરી આવ્યું છે.

### દેશની અદાલતોમાં પેન્ડિંગ કેસની સંખ્યા વધી

# દેશની નીચલી અદાલતોમાં હજુ ૪.૨૫ કરોડ કેસ પેન્ડિંગ છે

નવી દિલ્હી, તા.૧૯ દેશની તમામ હાઈકોર્ટ અને ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે વધુ કેસ પેન્ડિંગ છે. સરકાર તરફથી મળેલી માહિતીમાં જાણવા મળ્યું છે કે ૪.૨૫ કરોડ (૪૨.૫ મિલિયન) કેસો હજુ નીચલી અદાલતોમાં અને ૫૩ લાખ (૫.૩ મિલિયન) કેસો એપેલેટ કોર્ટમાં પેન્ડિંગ છે. જ્યારે સુપ્રીમ કોર્ટમાં પડતર કેસોમાં ગયા વર્ષની સરખામણીએ ઘટાડો નોંધાયો છે. જેમાં ૧ નવેમ્બરના રોજ ૬૮,૭૮૧ કેસ પેન્ડિંગ હતા. જોકે, સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર ૧ ડિસેમ્બરના રોજ ૬૯,૫૯૮ પેન્ડિંગ કેસોનો તાજેતરનો આંકડો છે.

તેમાં અલ્હાબાદ (૧.૦૩ મિલિયન), પંજાબ અને હરિયાણા (૫,૯૦,૦૭૧), પટના (૪,૪૪,૩૭૦), ઝારખંડ (૪,૨૦,૭૫૮) અને બોમ્બે (૩,૭૧,૭૮૭)નો સમાવેશ થાય છે. છેલ્લા ૧૦ મહિનામાં દિલ્હી હાઈકોર્ટમાં પેન્ડન્સી કેસ ૧૦૬,૧૧૦ હતા. એકંદરે હાઈકોર્ટમાં પેન્ડન્સી કેસ ગત વર્ષ કરતાં ૦.૮૨% વધુ છે.

૨૦૨૧ની સરખામણીએ જિલ્લા અદાલતોમાં પેન્ડન્સી કેસ ૪.૩૨% વધુ છે. જિલ્લા અદાલતોમાં ૪૨.૮ મિલિયન કેસ પેન્ડિંગ છે. આ ૨૦૧૪ના ૨૬.૪ મિલિયન પેન્ડિંગ કરતાં ઘણું વધારે છે. જ્યારે ગયા વર્ષના ૪૧ મિલિયન પેન્ડિંગ કેસ કરતાં આમાં થોડો વધારો છે.

સૌથી વધુ પેન્ડિંગ કેસ ઉત્તર પ્રદેશ (૧૦.૬ મિલિયન), મહારાષ્ટ્ર (૪.૯ મિલિયન), બિહાર (૩.૪ મિલિયન), પશ્ચિમ બંગાળ (૨.૪ મિલિયન) અને રાજસ્થાન (૨.૨ મિલિયન) હતા. કેન્દ્રીય કાયદા પ્રધાન કિરેન રિજિજુએ તેમના જવાબમાં જણાવ્યું હતું કે ૩૧ ઓક્ટોબર સુધીમાં, હાઈકોર્ટે ગયા વર્ષે ૧.૪૪ મિલિયનની તુલનામાં માત્ર ૦.૬ મિલિયન કેસોનો નિકાલ કર્યો છે. જ્યારે ૨૦૧૪માં સૌથી વધુ ૧૭ લાખ કેસનું સમાધાન થયું હતું. જિલ્લા અદાલતોમાં પણ આમ જ તેઓ ગયા વર્ષે ૧૭ મિલિયનની સરખામણીએ આ વર્ષે માત્ર ૬.૯ મિલિયન કેસોનો નિકાલ કરવામાં સફળ રહ્યા છે.

૨૦૧૪માં આ આંકડો ૧૯ મિલિયન હતો. જ્યારે સૌથી વધુ રેકોર્ડ બ્રેકિંગ પરફોર્મન્સ ૨૦૧૯માં હતું, જ્યારે ૨૯.૯ મિલિયન કેસનું સમાધાન થયું હતું.

### રેડઈંક એવોર્ડ્સ ફંક્શનમાં પૂર્વ જસ્ટિસનું સંબોધન

# લોકશાહીની સરળ કામગીરી માટે પત્રકારોની સ્વતંત્રતા જરૂરી

નવી દિલ્હી, તા.૧૯ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ બીએન શ્રીકૃષ્ણે શુક્રવારે સ્વતંત્ર પત્રકારત્વની હિમાયત કરી હતી. મુંબઈ પ્રેસ ક્લબ દ્વારા આયોજિત રેડઈંક એવોર્ડ્સ ફંક્શનને સંબોધતા, તેમણે કહ્યું, લોકશાહીની સરળ કામગીરી સુનિશ્ચિત કરવા માટે પત્રકારોની સ્વતંત્રતા જાળવવી જરૂરી છે. બે વ્યવસાયો અનિવાર્યપણે સ્વતંત્ર હોવા જોઈએ, એક ન્યાયાધીશ અને એક પત્રકાર, ભૂતપૂર્વ ન્યાયાધીશે જણાવ્યું હતું. જો તેઓ લપસી જાય તો લોકશાહીને નુકસાન થાય છે. એક પત્રકાર જેણે પોતાની સ્વતંત્રતા ગુમાવી દીધી છે તે ન્યાયાધીશ જેટલો જ ખરાબ છે જેણે તેની સ્વતંત્રતા ગુમાવી દીધી છે, એમ તેમણે જણાવ્યું હતું. પત્રકારત્વના વ્યવસાયમાં પ્રમાણિકતા એ ખરેખર શ્રેષ્ઠ નીતિ છે.

# કૃત્રિમ ગર્ભાશયથી પેટની બહાર જ જન્મશે બાળક

નવી દિલ્હી, તા.૧૯ માતા બનવાનું સુખ વિશ્વમાં સૌથી મોટું ગણાય છે, જેની આગળ દરેક ખુશી ફીક્કી લાગે છે. એક માને પોતાના બાળક સાથે જેટલો પ્રેમ હોય છે તેટલો કદાચ જ તે કોઈ અન્ય વ્યક્તિને કરી શકે છે. અમુક સ્ત્રીઓને માતા બનવાનું સુખ સરળતાથી પ્રાપ્ત થઈ જાય છે, જ્યારે કેટલીક સ્ત્રીઓ માટે આ માટે ઘણી મહેનત કરવી પડે છે. ફર્ટિલિટી પ્રોબ્લેમ્સ જેમ કે, પીસીઓડી, એન્ડોમેટ્રિયોસિસ વગેરે મહિલાઓમાં ઈન્ફર્ટિલિટીનું કારણ બને છે અને તેઓને કન્સિવ કરવામાં મુશ્કેલીઓ ઉભી થાય છે. આજકાલ આઈવીએફથી ઘણાં કપલ્સને સંતાન સુખ મળ્યું છે તેમ છતાં કેટલાંક કેસમાં આઈવીએફ પણ ફેલ થઈ જાય છે. આવા કપલ્સ માટે ટૂંક સમયમાં જ આર્ટિફિશિયલ ગર્ભ ફેસિલિટી આવવાની છે. એક્ટોલાઈફ એક કોન્સેપ્ટ છે જે પેરેન્ટ્સને આર્ટિફિશિયલ ગર્ભાશયની મદદથી બાળક પેદા કરવાનો અવસર આપે છે. આ ફેસિલિટીથી એવા કપલ્સ માટે



આશાની કિરણ જાગી છે જેઓ વર્ષોથી સંતાન સુખની રાહ જોઈ રહ્યા છે. નોઈડાના અર્લી ઈન્ટરવેન્શન સેન્ટરના પીડિયાટ્રિશિયન ડોક્ટર સ્વાતિ શેઠના જણાવ્યા અનુસાર, જે મહિલાઓના ગર્ભાશયમાં કેન્સર અથવા અન્ય કોઈ પણ કારણોસર જેઓ ગર્ભ ધારણ નથી કરી શકતા તેઓની માટે આ ટેક્નિક કોઈ વરદાનથી કમ નથી. આ ટેક્નિકમાં પિતાના સ્પર્મ અને માતાના એગ્સને લેબમાં ફર્ટિલાઈઝ કરીને આર્ટિફિશિયલ ગર્ભમાં ઈમ્પ્લાન્ટ કરવામાં આવશે. એવા કપલ્સ જેઓ કુદરતી અથવા કોઈ ટ્રીટમેન્ટથી પણ પેરેન્ટ્સ નથી બની શકતા તેઓના માટે આ ટેક્નિક વરદાન સાબિત થશે. આ પેકેજમાં તમે બાળકની હાઈટ, ઈન્ટેલિજન્સ, વાળ, આંખોનો રંગ, શારિરીક શક્તિ અને સ્કિન ટોન સુદ્ધાં નક્કી કરી શકો છો. આ ખ્યાલ બર્લિન સ્થિત હાશેમ અલ-ઘૈલીના ભેજાની ઉપજ છે, જે એક ડાયરેક્ટર, ફિલ્મ ડાયરેક્ટર, સાયન્સ કોમ્યૂનિકેટર અને મૉલેક્યૂલર બાયોલોજીસ્ટ છે. ડોક્ટર જણાવે છે કે, બાળક નવ મહિના સુધી માતાના ગર્ભની માફક જ આર્ટિફિશિયલ વોમ્બમાં રહશે, તેના સ્વાસ્થ્યને કોઈ જોખમ નહીં થાય. પરંતુ સાથે જ ડોક્ટરોએ એવો દાવો પણ કર્યો છે કે, હજુ સુધી આ પ્રયોગનો ઉપયોગ નથી થયો, તેથી કંઈ ચોક્કસ પાયે કહી શકાય નહીં. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન મુજબ, દર વર્ષે લગભગ ૩૦૦,૦૦૦ સ્ત્રીઓ ગર્ભાવસ્થા સંબંધિત રોગોથી મૃત્યુ પામે છે. ઈર્ષ્ટેન્કી કૃત્રિમ ગર્ભાશય માનવ પીડા ઘટાડવા અને સી-સેક્શનની સંભાવના ઘટાડવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. એક્ટોલાઈફ સાથે, બાળક સમય પહેલા જન્મશે અને સી-સેક્શન ભૂતકાળ બની જશે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૧૯-૧૨-૨૦૨૨ થી ૨૫-૧૨-૨૦૨૨ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

| મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ | વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર | મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ | કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર | સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય | કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ |
|---|---|---|---|---|---|
| પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમ્યાન મુસાફરી ટાળવી હિતાવહ. | મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો. | આ સમય દરમ્યાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનામાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગનો આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું. | આ સપ્તાહ દરમ્યાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફ વર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમ્યાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ. | આ સપ્તાહ દરમ્યાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અનો ચૂકવણીના કારણે આવક વપરાઈ વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્યમાટે આયોજન થાય. | આ સપ્તાહ દરમ્યાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાને કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનાસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. વાદ-વિવાદમાં ન ઉતરતા વાણી સંયમ જાળવવો હિતાવહ. |

| તુલા : ર.ત. સ્વામિ - શુક્ર | વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ | ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ | મકર : ખ.જ. સ્વામિ - શની | કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની | મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ |
|---|---|---|---|---|---|
| આ સપ્તાહ દરમ્યાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી શકશો. આ સપ્તાહમાં કોઈ મોટી લે-વેંચ હોય તો તે સ્થગિત રાખવી. | આ સપ્તાહ દરમ્યાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિન મિલન-મુલાકાત કે મુસાફરીથી હૃદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓનો વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનોએવો લાભ મળે. જીવનસાથી સાથે વાદ-વિવાદમાં ન ઉતરવો હિતાવહ. | આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુ:ખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને. વ્યવસાયના કાર્યમાં મહેનત વધારવી જરૂરી બને. શેર-સટ્ટા જેવા કાર્યથી દૂર રહેવું. તબિયત એકંદરે સારી રહે. | આ સપ્તાહ દરમ્યાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુકશાનીમાંથી બચી જવાય. મુંઝવણભર્યા પ્રશ્નોમાંથી માર્ગ મળે. રચનાત્મક પ્રવૃત્તિઓ વેગવંતી બને. મહત્વના નિર્ણયો કરી શકશો. તબિયત સંભાળવી. | આ સપ્તાહ દરમ્યાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યોમાટે સમયસાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમ્યાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુ:ખ રહે. સંતાન વર્ગ દ્વારા શુભ સમાચાર મળે. મહત્વની વ્યક્તિ માટે મિલન-મુલાકાતમાં સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય. | આ સપ્તાહ દરમ્યાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુપક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીનો લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે. જીવનસાથી સાથે મનદુ:ખ કે મતભેદ હોય તો નિવારણ થાય. |

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે.

- ગાંધીજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર વદ-૧૧ સફલા એકાદશી, શ્રી અન્નપૂર્ણા વ્રત સમાપ્ત તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૨, સોમવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૨૪, ચિત્રા નક્ષત્ર, અતિગંડ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૨૮, સૂ.અ.૬:૦૯

આજનો દિવસ શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# મધ્યપ્રદેશ સરકાર લગ્ન નોંધણી માટે યુગલો માટે પોલીસ વેરિફિકેશન કરવા અંગે વિચારણા કરી રહી છે : ગૃહપ્રધાન મિશ્રા

ભોપાલ તા.૧૯

મધ્ય પ્રદેશના ગૃહપ્રધાન નરોત્તમ મિશ્રાએ કહ્યું છે કે રાજય સરકાર લગ્ન રજિસ્ટ્રારની ઑફિસ અને અન્ય સંસ્થાઓ માટે લગ્ન સમારંભો માટે દંપતીનું પોલીસ પ્રી-વેરિફિકેશન ફરજિયાત બનાવવાની દરખાસ્ત ઉપર ગંભીરતાથી વિચાર કરી રહી છે. મિશ્રાએ કહ્યું હતું કે, આ રાજયમાં 'લવ-જેહાદ'ના કિસ્સાઓને સખત રીતે રોકવા માટે છે. તેમણે કહ્યું કે જેઓ પોતાની ઓળખ છુપાવે છે અને છોકરીઓને લગ્નની લાલચ આપે છે તેમના ઉપર સરકાર કડક પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે. ગૃહમંત્રીએ દાવો કર્યો હતો કે તાજેતરમાં ભોપાલમાં 'લવ-જેહાદ'નો બીજો કેસ નોંધાયો હતો જ્યાં પોલીસે કાર્યવાહી શરૂ કરી છે અને આવા આરોપીને છોડવામાં નહીં આવે. તેમણે કહ્યું કે, અમે લવ જેહાદ પ્રત્યે ગંભીર છીએ અને તેથી સરકાર ગંભીરતાથી વિચારી રહી છે કે લગ્ન રજીસ્ટ્રાર અને આર્ય સમાજ જેવા સંગઠનોએ ફરજિયાત દંપતીનું પોલીસ વેરિફિકેશન કરાવવું જોઈએ. આ અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. મિશ્રાના કહેવા પ્રમાણે, 'લવ-જેહાદ'ને રોકવા માટે આ બીજું મોટું પગલું હશે અને તે યુવતીઓને 'ડબલ પ્રોટેક્શન' આપશે. આ હેતુ માટે રાજયમાં મધ્યપ્રદેશ ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ પહેલેથી જ અમલમાં છે. પોલીસ વેરિફિકેશન કરાવવાથી, વાસ્તવિક ઓળખ છુપાયેલી હોય તેવા લગ્નોને રજીસ્ટ્રેશન પહેલા અટકાવી શકાય છે. પોલીસ વેરિફિકેશનનો અર્થ એ નથી કે 'લવ જેહાદ' કાયદો અસરકારક નથી, પરંતુ અમે બેવડું રક્ષણ ઈચ્છીએ છીએ. તેથી આ દરખાસ્ત ઉપર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે જેથી ભવિષ્યમાં કોઈ પણ શ્રદ્ધા વાલકરને જીવ ગુમાવવો ન પડે અને તેના શરીરના ટુકડા કરવા જેવી ઘટનાઓ અટકાવી શકાય. મિશ્રાએ કહ્યું હતું કે 'લવ-જેહાદ' કાયદાની અસરકારકતા આંકડાઓ દ્વારા જાણી શકાય છે. ૨૦૨૧માં જ્યારે આ કાયદો લાગુ કરવામાં આવ્યો ત્યારે લવજેહાદના ૯૫ કેસ નોંધાયા હતા અને ૨૦૨૨માં અત્યાર સુધીમાં ૪૯ કેસ નોંધાયા છે. દરમ્યાન કોંગ્રેસે ગૃહપ્રધાન ઉપર આકરા પ્રહારો કર્યા છે અને કોંગ્રેસે ૨૦૨૩ની ચૂંટણી પહેલા મત મેળવવાના પ્રયાસમાં ધ્રુવીકરણ કરવા અને લોકોને ગેરમાર્ગે દોરવા માટે ભાજપનો એજન્ડા ગણાવ્યો હતો. કોંગ્રેસ મીડિયા સેલના ઉપાધ્યક્ષ સંગીતા શર્માએ જણાવ્યું હતું કે સાંપ્રદાયિક ધ્રુવીકરણ કરવા અને લોકોનું ધ્યાન બેરોજગારી, મોંઘવારી અને મહિલાઓ વિરૂધ્ધ અપરાધ જેવા ગંભીર મુદ્દાઓ ઉપરથી હટાવવા માટે દરરોજ આવા નિવેદનો આપવામાં આવે છે. સંગીતા શર્માએ જણાવ્યું હતું કે, મહિલાઓ સામેની હિંસા, બળાત્કાર અને સામૂહિક બળાત્કાર અને આદિવાસી લોકો સામે અત્યાચાર જેવા ગુનાઓમાં રાજ્ય ટોચ ઉપર છે. ગૃહમંત્રી પાસે આ ગંભીર મુદ્દાઓ ઉપર બોલવાનો કે સંબંધિત પગલાં લેવાનો સમય નથી. રાજ્ય સરકાર સગીરોના બળાત્કારીને મૃત્યુદંડની સજા સુનિશ્ચિત કરવાના તેના નિર્ણય વિષે ઘોષણાઓ કરી રહી છે. પરંતુ ભોપાલમાં તાજેતરમાં જ એક મામલો સામે આવ્યો હતો અને આવી કોઈ સજા કરવમાં આવી નથી. આવા કિસ્સાઓમાં એકપણ મૃત્યુદંડની સજા કરવામાં આવી નથી. ગૃહમંત્રી આવા મુદ્દાઓ ઉપર ધ્યાન આપતા નથી પરંતુ પઠાણ ફિલ્મમાં દીપિકા પાદુકોણના પોશાક જેવી બાબતો ઉપર વાત કરવા માટે તેમની પાસે સમય છે. આજે ફિલ્મ સેન્સર બોર્ડ ભાજપ શાસિત કેન્દ્ર હેઠળ છે. આ મુદ્દાઓ મિશ્રાની ગંભીરતાનું સ્તર દર્શાવે છે અને તે સ્પષ્ટ કરે છે કે મત મેળવવા માટે તેમના દ્વારા વિભાજનકારી એજન્ડા આગળ ધપાવવામાં આવે છે.



# ૧૨ ડિસેમ્બર સુધીમાં ભારતમાં ૧૦,૪૧૬ ઓરીના કેસની પુષ્ટિ થઈ હતી : સ્વાસ્થ્ય રાજ્યમંત્રી ભારતી પ્રવીણ પવાર

નવી દિલ્હી તા.૧૯

સ્વાસ્થ્ય રાજ્યમંત્રી ભારતી પ્રવીણ પવારે લોકસભામાં જણાવ્યું હતું કે દેશમાં ૧૨ ડિસેમ્બર સુધીમાં ૧૦૦૦૦થી વધુ ઓરીના કેસની પુષ્ટી થઈ હતી અને તેનાથી ૪૦ બાળકોના મૃત્યુંના કેસ પણ નોંધાયા હતા. આ તમામ કેસની પુષ્ટી લેબોરેટરી દ્વારા કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં ૩૦૭૫ કેસ નોંધાયા હતા અને ૧૩ મૃત્યુ પણ થયા હતા. જ્યારે ઝારખંડમાં ઓરીના ૨૬૮૩ કેસ નોંધાયા હતા અને ૮ બાળકો મૃત્યુ પામ્યા હતા. નવેમ્બર ૨૦૨૨માં ઓરીના કેસમાં ઓચિંતો વધારો નોંધાયો હતો. તેમણે આ માહિતી લોકસભામાં એક લેખિત જવાબમાં આપી હતી. તેમણે કહ્યું કે દેશમાં ઓરીના પુષ્ટી થયેલા કેસોની સંખ્યા કુલ ૧૦૪૧૬ નોંધાઈ હતી. મહારાષ્ટ્ર, ઝારખંડ, ગુજરાત અને કેરળના અનેક જિલ્લાઓ તથા શહેરોમાં ઓરીના કેસમાં વધારો જોતાની સાથે જ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર સ્વાસ્થ્ય સ્પેશ્યાલિસ્ટ, પીડિયાટ્રિશિયન અને માઈક્રોબાયોલોજિસ્ટ સાથેની એક કેન્દ્રીય તપાસ સમિતિ પણ તહેનાત કરી દેવામાં આવી હતી જેથી સ્થિતિનું ચોક્કસ આકલન કરી શકાય અને રાજ્યને ટેક્નિકલ સપોર્ટ પૂરૂં પાડી શકાય. તેમણે કહ્યું કે કેન્દ્રીય ટીમ તહેનાત કરવાથી રોગના ફેલાવા ઉપર ચાંપતી નજર રાખવામાં મજબૂતાઈ મળી હતી. લોકોની ઈમ્યુન સિસ્ટમ વધારવામાં આવી હતી અને બાળકોને ઓરીઅછબડાંની વેક્સિન પણ પૂરી પાડવામાં આવી હતી. બાળકોના વાલીઓને તાત્કાલિક ધોરણે તેના વિષે જાગૃત કરવા માટે અભિયાન પણ ચલાવાયા હતા.

# પૂર્વ સેક્ટરમાં પોતાને મજબૂત બનાવવા ચીને ભારત, ભૂટાન વચ્ચેના ટ્રાઈ-જંકશન નજીક રોપવે બનાવ્યો

(એજન્સી) તા.૧૯

ચીને ભારત-ભૂતાન-ચીન ટ્રાઈ-જંકશનની એક બાજુએ તોરસનાલા પાસે રોપવે સ્થાપિત કર્યો છે અને સમગ્ર પૂર્વીય ક્ષેત્રની સાથે રસ્તાઓ અને અન્ય માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવી રહ્યું છે. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે, તવાંગ સેક્ટરના યાંગત્સે વિસ્તારમાં, જ્યાં ગયા અઠવાડિયે અથડામણ થઈ હતી, આ વિસ્તારના જાણકાર સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે ચીને કેટલાક વર્ષો પહેલા આ વિસ્તારમાં પોતાનો દાવો દર્શાવવા માટે પેટ્રોલિંગ વધારી દીધું હતું, કારણ કે તેમના ચરનારાઓ અંદર જઈ શકતા નથી અને પીપલ્સ લિબરેશન આર્મી (PLA)એ માટે ગુસ્સો છે કે ભારતીય સેના અહી પ્રભાવશાળી ઊંચાઈ ધરાવે છે. ચાઈનીઝ સામાન્ય રીતે વર્ષમાં બેથી ત્રણ વખત, શિયાળા પહેલા અને પછી પેટ્રોલિંગ કરે છે, એક સ્ત્રોતે જણાવ્યું હતું કે, યાંગત્સે વિસ્તારમાં ચાર મુખ્ય પ્રવેશ બિંદુઓ છે જેનો ઉપયોગ PLA આ પ્રદેશમાં પ્રવેશવા માટે કરે છે. યાંગત્સે તવાંગથી ૩૦-૩૫ કિમી ઉત્તર પૂર્વમાં આવેલું છે અને તે ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈએ છે. PLAએ સંગમ બિંદુની નજીક તેમની બાજુએ તોરસનાલા નજીક એક રોપવે પણ સ્થાપિત કર્યો છે, અને રોપ-વેના કેટલાક નવા એન્કર પોઈન્ટ તાજેતરમાં જોવામાં આવ્યા છે. ડોકલામ નજીકના તોરસનાલા પાસે પણ ગતિવિધિઓ જોવા મળી છે, આ તે સ્થાન જ્યાં થોડા વર્ષો પહેલા ભારતીય અને ચીની દળો વચ્ચે ૭૩ દિવસનો સંઘર્ષ જોવા મળ્યો હતો. ઈન્ટેલિજન્સ ઈનપુટ્સને ટાંકીને, સૂત્રોએ જણાવ્યું હતું કે પૂર્વીય ક્ષેત્રમાં અને ખાસ કરીને છેલ્લા કેટલાક મહિનામાં ભારે ગતિવિધિઓ અને બાંધકામો થયા છે. વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પશ્ચિમી (લદ્દાખ), મધ્ય (હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) અને પૂર્વીય (અરૂણાચલ પ્રદેશ અને સિક્કિમ) સેક્ટરમાં છે. પૂર્વી લદ્દાખમાંર ગલવાનમાં ૨૦૨૦ના સ્ટેન્ડઓફ પછી ભારતે પણ છેલ્લાં કેટલાંક વર્ષોમાં LAC સાથે તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નોંધપાત્ર રીતે અપગ્રેડ કર્યું છે. જો કે, ડોકલામ ખાતે પીએલએ પ્રવૃત્તિના અહેવાલો પર પ્રતિક્રિયા આપતા, ભૂટાનના અધિકારીઓએ જણાવ્યું હતું કે ડોકલામમાં આવી કોઈ પ્રવૃત્તિ થઈ નથી, જે વાસ્તવિક ત્રિ-જંકશન વચ્ચેનો તફાવત દર્શાવે છે જે ૨૦૧૭માં ભારત-ચીન સ્ટેન્ડઓફ માટે ફ્લેશ પોઈન્ટ હતું. ભારતમાં ભૂટાનના રાજદૂત, જનરલ વેટોપ નમગ્યાલે કહ્યું હતું કે, ડોકલામમાં ચીનની ગતિવિધિઓ વિષેની માહિતી સાચી નથી, તેમણે રોયલ ભૂટાન આર્મી સાથે આ વાતની તપાસ કરી હતી, અને તેઓએ પુષ્ટિ કરી હતી કે ડોકલામમાં કોઈ ચીની પ્રવૃત્તિઓ થઈ નથી. ૨૦૨૧માં, ચીન અને ભૂટાન ૧૯૮૪માં શરૂ થયેલી વાટાઘાટોના ૨૪ રાઉન્ડ પછી, ડોકલામ વિસ્તાર સહિત તેમના સરહદી મુદ્દાઓને ઉકેલવા માટે ૩-પગલાંના રોડમેપ પર સમજૂતી કરી હતી. ૯ ડિસેમ્બરના રોજ ભારતીય અને ચીની સૈનિકો વચ્ચેની અથડામણની વિગતો આપતા આર્મીના ૧૨ ડિસેમ્બરના નિવેદનમાં નોંધ્યું છે કે, તવાંગ સેક્ટરમાં LAC સાથેના અમુક વિસ્તારોમાં, અલગ-અલગ દૃષ્ટિકોણના વિસ્તારો છે, જ્યાં બંને પક્ષો તેમના દાવા રેખાઓ સુધીના વિસ્તારમાં પેટ્રોલિંગ કરે છે. ૨૦૦૬થી આ વલણ ચાલુ રહ્યું છે. ભારત અને ચીને ૩,૪૮૮ કિમી-ઓંગ એલએસી સાથે વિવાદિત વિસ્તારો અને વિવિધ દૃષ્ટિકોણના ક્ષેત્રો માટે પરસ્પર સંમત થયા છે. પૂર્વીય લદ્દાખમાં, બે પરસ્પર સંમત વિવાદિત વિસ્તારો છે, ટ્રિગ હાઈટ્સ અને ડેમચોક, જ્યારે ૧૦ અલગ-અલગ અન્ય વિસ્તારો છે. એ જ રીતે, યાંગત્સે એ પૂર્વીય ક્ષેત્રમાં આઠ મુખ્ય ઘર્ષણ બિંદુઓ પૈકી એક છે.

# રાજયમાં ખાતરની અછતની ફરિયાદોને લઈ તંત્રની દોડધામ : જથ્થો ઉપલબ્ધ હોવાનો ખુલાસો

## છેલ્લા ૧૫ દિવસમાં ૧.૪૫ લાખ ટન યુરિયા મળ્યું અને હજુ જથ્થો આવવાનો છે : તંત્રની સ્પષ્ટતા



ગાંધીનગર, તા.૧૯

રાજયમાં ખેડૂતો શિયાળુ પાકની વાવણી કરી રહ્યા છે. ત્યારે ગુજરાતના અમુક જગ્યાએ ખાતરની અછતને કારણે લાંબી લાઈનો જોવા મળી રહી છે તો ક્યાંક દુકાનો સામે ખાતર ન હોવાના બોર્ડ લાગ્યા છે. ત્યારે સરકારે ફરીવાર ખાતરને લઈને મોટો દાવો કર્યો અને કહ્યું છે કે, ગુજરાતમાં યોગ્ય માત્રામાં જથ્થો ઉપલબ્ધ છે. ગુજરાતને છેલ્લા ૧૫ દિવસમાં ૧.૪૫ લાખ ટન યુરિયા ખાતર આપવામાં આવ્યું છે. તેમજ તે સિવાય કેન્દ્ર સરકાર ડિસેમ્બર મહિનામાં કુલ ૨.૭૧ લાખ ટન યુરિયા ખાતર મળવાનું છે અને કેન્દ્રએ રવિ સીઝન માટે ગુજરાત માટે કુલ ૧૨.૫૦ લાખ ટન યુરિયા મંજૂર કર્યું છે. આ સિવાય સરકાર તરફથી જણાવાયું છે કે, કંપનીઓ દરરોજ પાંચથી ૧૦ હજાર મેટ્રિક ટન જથ્થો સપ્લાય કરી રહી છે.

બનાસકાંઠાના અમીરગઢ તાલુકામાં યુરિયા ખાતરની તંગીના કારણે ખેડૂતોની ખાતર લેવા માટે લાંબી લાઈનો જોવા મળી રહી છે. ત્યારે અમીરગઢ તાલુકો ખેતી અને પશુપાલન ઉપર આધારિત છે. ત્યારે હાલમાં યુરિયા ખાતરની તંગીને લઈને ખેડૂતોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. આવી ફરિયાદો ઊઠતા સરકારી તંત્રની દોડધામ મચી જવા પામી છે.

બનાસકાંઠામાં ઘઉંનું વાવેતર મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. ત્યારે હાલમાં ઘઉં, રાયડો અને એરંડાની સીઝન હાલમાં ચાલી રહી છે. ત્યારે ખેડુતોને યુરિયા ખાતર માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે.

# રાજ્યની સરકારી હોસ્પિટલો-મેડિકલ કોલેજો ઉપર CCTVથી નજર રખાશે

વડોદરા, તા.૧૯

રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો અને મેડિકલ કોલેજો તેમજ તેની હોસ્ટેલોમાં સીસીટીવી કેમેરા થકી નજર રાખવામાં આવશે તેમ રાજયના આરોગ્ય વિભાગના એડિશ્નલ ચીફ સેક્રેટરી મનોજ અગ્રવાલે કહ્યું હતું. એમ.એસ.યુનિવર્સિટીના ૪૨મા પૂરક પદવીદાન સમારોહમાં હાજરી આપવા માટે આવેલા મનોજ અગ્રવાલે એક વાતચીતમાં જણાવ્યુ હતુ કે, કેન્દ્ર સરકારની સૂચના પ્રમાણે આરોગ્ય તંત્રને આગળ વધારવા માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે મેડિકલ કોલેજોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવશે અને તેને દિલ્હી મેડિકલ કમિશન સાથે કનેક્ટ કરવામાં આવશે. જેથી મેડિકલ કોલેજોમાં અભ્યાસ અને બીજી પ્રવૃત્તિઓ પર નજર રાખી શકાય તેમજ વિદ્યાર્થીઓના રેગિંગ જેવી પ્રવૃત્તિઓને પણ અટકાવી શકાય. સાથે સાથે વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રિક સિસ્ટમ પણ લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકાર હોસ્પિટલ મેનેજમેન્ટ સિસ્ટમના ભાગરૂપે રાજયની તમામ સરકારી હોસ્પિટલોને પણ સીસીટીવી કેમેરાથી સજજ કરવા જઈ રહી છે. જેથી દર્દીઓને યોગ્ય રીતે સારવાર મળી રહી છે કે કેમ તે જાણી શકાય. સાથે સાથે હોસ્પિટલોના સંચાલનનું અને બીજી સુવિધાઓનું પણ આ યોજનાના કારણે મોનિટરિંગ શક્ય બનશે. તાત્કાલિક સારવાર વિભાગમાં પણ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.

# દિલ્હીની યુવતી ઉપર એસિડ એટેકનો કેસ : પોલીસે એસિડના વેચાણ માટે ફ્લિપકાર્ટને નોટિસ ફટકારી

નવી દિલ્હી, તા.૧૯

૧૭ વર્ષની સ્કૂલ ગર્લ ઉપર એસિડ એટેકની આઘાતજનક ઘટનાના એક દિવસ પછી, દિલ્હી પોલીસે ફ્લિપકાર્ટને નોટિસ જારી કરી હતી કારણ કે આરોપીએ ત્યાંથી એસિડ ખરીદ્યું હતું. બજારમાં એસિડના વેચાણ ઉપર પ્રતિબંધ છે પરંતુ સચિન અરોરા તરીકે ઓળખાતા આરોપીએ તેને ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉપરથી ઓનલાઈન ખરીદ્યું હતું. દ્વારકામોર નજીક તાજેતરમાં બનેલા એક બનાવમાં ૧૭ વર્ષની કિશોરી શાળાએ જતી હતી ત્યારે તેના ઉપર એસિડ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ સંબંધમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપી અરોરા સાથે હર્ષિત અગ્રવાલ ઉર્ફે હની, ૧૯ અને વિરેન્દ્રસિંહ ઉર્ફે સોનુ ૨૨ની પણ ધરપકડ કરવામાં આવી છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં તેમની મિત્રતા સમાપ્ત થયા પછી તેઓએ આ છોકરી ઉપર એસિડ ફેંકવાનું કાવતરૂ ઘડ્યું હતું. આ ત્રણેય આરોપીઓ એ જ વિસ્તારના રહેવાસી છે જ્યાં યુવતી પણ રહે છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ઘટના સમયે હર્ષિત બાઈક ચલાવી રહ્યો હતો. વીરેન્દ્રએ ગુનાહિત ષડયંત્રનો ભાગ બનીને આરોપીઓને મદદ કરી હતી. આ ઘટના પહેલા સવારે, સિંહ અરોરાની સ્કૂટી અને મોબાઈલ ફોનને અન્ય સ્થળે લઈ ગયો જેથી અલીબી બનાવી શકાય અને તપાસને ગેરમાર્ગે દોરવામાં આવે. પોલીસે કહ્યું કે ટેકનિકલ પુરાવાના આધારે જાણવા મળ્યું છે કે અરોરાએ ફ્લિપકાર્ટમાંથી એસિડ મેળવ્યું હતું અને પેમેન્ટ મોડ PayTM દ્વારા થયું હતું દરમ્યાન દિલ્હી મહિલા આયોગે ફ્લિપકાર્ટ અને એમેઝોન બંનેને તેમના પ્લેટફોર્મ ઉપર એસિડ વેચવા બદલ નોટિસ જારી કરી હતી. આ નોટિસમાં લખવામાં આવ્યું છે કે, કમિશનને જાણવા મળ્યું છે કે આરોપીઓએ ઓનલાઈન શોપિંગ પોર્ટલ ફ્લિપકાર્ટ દ્વારા એસિડ ખરીદ્યું હતું. કમિશનને એ પણ જાણવા મળ્યું છે કે એસિડ એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા અગ્રણી ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ ઉપર સરળતાથી ઉપલબ્ધ છે જે ગેરકાયદેસર છે. ઓનલાઈન પ્લેટફોર્મ્સ ઉપર એસિડની ઉપલબ્ધતાની સરળતા એ ગંભીર ચિંતાનો વિષય છે અને તેની તાત્કાલિક તપાસ કરવાની જરૂર છે.

# CBI એ વધુ બે નવી FIR દાખલ કરતા ભાગેડું મેહુલ ચોકસી માટે મુશ્કેલી વધી

નવી દીલ્હી તા.૧૯

પંજાબ નેશનલ બેંક (PNB)માં રૂા.૬૦૦૦ કરોડની છેતરપિંડીનો આરોપી ભાગેડુ મેહુલ ચોકસીને CBIએ મોટો આંચકો આપ્યો હતો. CBIએ ચોકસી અને ગીતાંજલિ રત્ન નક્ષત્ર બ્રાન્ડ વિરૂદ્ધ બે નવી FIR નોંધી છે. CBIએ બેંકોના એક જૂથ સાથે કથિત રીતે ૫૫.૨૭ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાના આરોપમાં આ બે નવી FIR નોંધી છે. કોર્ટના આદેશ ઉપર તેની સામે આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જાન્યુઆરી ૨૦૧૮ની શરૂઆતમાં પંજાબ નેશનલ બેંકમાં લગભગ ૧૩ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ બહાર આવ્યું હતું. આ મામલે CBIએ ૩૦ જાન્યુઆરીએ FIR નોંધી હતી. પરંતુ તે પહેલાં જ કૌભાંડના બે મુખ્ય આરોપી નીરવ મોદી અને મેહુલ ચોકસી ભારત છોડીને ભાગી ગયા હતા. ત્યારથી બંને આરોપીઓના પ્રત્યાર્પણ માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. નીરવ મોદી બ્રિટનમાં છે અને ત્યાંના ગૃહ મંત્રાલયે તેના પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. જો કે, નીરવ મોદીએ તેની સામે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. CBIએ ભાગેડુ મેહુલ ચોકસીની સામે માર્ચ મહિનામાં પણ એક કેસ નોંધ્યો હતો. વાસ્તવમાં મેહુલ ચોકસીએ IFCIને હીરા અને જ્વેલરીની કિંમત વધારે જણાવીને તેને ગીરવે રાખીને ૨૫ કરોડ રૂપિયાની લોન લીધી હતી.

## વન રેન્ક-વન પેન્શન યોજના સંદર્ભે કેન્દ્ર સુપ્રીમમાં

# બાકી ચૂકવણી માટે ૧૫ માર્ચ સુધીનો સમય વધારવા સુપ્રીમ કોર્ટમાં અરજી



નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્રએ સશસ્ત્ર દળોના તમામ પાત્ર પેન્શનરોને વન રેંક-વન પેન્શન યોજનાની બાકી ચૂકવણી માટે ૧૫ માર્ચ, ૨૦૨૩ સુધીનો સમય વધારવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. જૂનમાં પ્રથમ વખત સર્વોચ્ચ અદાલતમાં ગયા પછી અને ગણતરી કરવા અને ચુકવણી કરવા માટે ત્રણ મહિનાનો સમય માંગ્યા પછી, કેન્દ્ર સરકારે આ વખતે બીજી વખત બાકીની ચૂકવણી કરવા માટે એક્સ્ટેંશનની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટે, જેણે ૧૬ માર્ચે કેન્દ્ર દ્વારા સ્વીકૃત ઓઆરઓપી સિદ્ધાંતને સમર્થન આપ્યું હતું, કહ્યું હતું કે તે કોઈપણ "બંધારણીય નબળાઈ"થી પીડાતી નથી અને "મનમાની" નથી. તેણે સરકારને ત્રણ મહિનાની અંદર બાકી ચૂકવણી કરવા જણાવ્યું હતું. કેન્દ્રએ તેની નવી અરજીમાં જણાવ્યું હતું કે સંરક્ષણ મંત્રાલયના ભૂતપૂર્વ સૈનિક કલ્યાણ વિભાગ દ્વારા કંટ્રોલર જનરલ ઑફ ડિફેન્સ એકાઉન્ટ્સની ઑફિસને માર્ચ ૨૦૨૨માં પેન્શનના આગામી સંશોધન માટે એક ટેબલ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના ૧૬ માર્ચ, ૨૦૨૨ના ચુકાદા પછી તરત જ આ પગલું લેવામાં આવ્યું હતું.. કેન્દ્રએ અરજીમાં જણાવ્યું હતું કે સીજીડીએ કાર્યાલયે અમુક મુદ્દા ઉઠાવ્યા હતા અને તેના ઉપર વિભાગ પાસેથી સ્પષ્ટતા માંગી હતી. તેમણે કહ્યું કે એપ્રિલ ૨૦૨૨માં વિભાગ દ્વારા જરૂરી સ્પષ્ટતાઓ જારી કરવામાં આવી હતી. કેન્દ્રએ કહ્યું કે બંને હિતધારક વિભાગો તરફથી મળેલી ટિપ્પણીઓને સમાવીને અંતિમ કેબિનેટ નોંધ તૈયાર કરવામાં આવી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, "કેબિનેટની મંજૂરી પછી, સીજીડીએ દ્વારા વિવિધ પ્રકારના પેન્શન કોષ્ટકો તૈયાર કરવા જરૂરી છે. આ પ્રક્રિયામાં ઘણો સમય લાગે છે અને તેને ૧૫ માર્ચ, ૨૦૨૩ સુધી લંબાવવાની જરૂર છે.

# જૂનાગઢમાં બટાકાની આડસ હેઠળ બહારના રાજયમાંથી મંગાવેલ વિદેશી દારૂની ૪૦૫ પેટીઓ પકડાઈ

## દારૂની પેટીઓ, ટ્રક અને બટાકા સહિત કુલ રૂા.૨૭,૦૭,૩૦૦નો મુદામાલ કબ્જે કરાયો





જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટી, ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પ્રવર્તમાન સમયમાં વિદેશી દારૂ તથા જુગારની બદીને નેસ્તનાબૂદ કરવા અને આવી પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર ઘોંસ બોલાવી દબોચી લઈ ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામી દેવા સુચના કરેલ હોય જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પીઆઈ જે.એચ. સિંધવ, પીએસઆઈ જે.જે.ગઢવી તથા સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય, દરમ્યાન જીલ્લા વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હતા ત્યારે પીઆઈ સિંધવ તથા પો.કો. ડાયાભાઈ કરમટા, કરશનભાઈ કરમટા, ભરતભાઈ સોનારાને ખાનગીરાહે ચોકકસ બાતમી મળેલ કે આલા સીદીભાઈ રહે.જૂનાગઢ વાળાએ તેના મળતીયાઓ સાથે મળી પુર્વ આયોજીત કાવત્રુ રચી બહારના રાજયમાંથી પ્રતિબંધીત ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવેલ છે જે દારૂનો જથ્થો ટ્રક નં.આરજે-૧૯-જીએ-૮૪૯૭માં આવેલ છે અને આ ટ્રક હાલ પાદરીયામાંથી વિજાપુર જતા જાહેર રોડ ઉપર છે તેમ જાણવા મળતા બાતમીવાળા સ્થળે તપાસ કરતા વિજાપુર ગામના પાટીયાથી આશરે ૫૦૦ મીટર રોડની સાઈડે ડાબી બાજુએ ઉપરોકત ટ્રક મળી આવતા તેના ઠાઠામાં જોતા પ્લાસ્ટીકની જાળી વાળા કટાની અંદર બટાકા ભરેલા હોય જે બટાકા ખસેડીને જોતા વિદેશી દારૂની પેટીઓ મળી આવતા તમામ મુદામાલ કબ્જે કરી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવેલ છે. કબ્જે કરવામાં આવેલ મુદામાલમાં કીંગ્સ ગોલ્ડ સ્પેશ્યલ વ્હીસ્કીની પેટી નંગ-૧૪૫ બોટલ ૧૭૪૦ કિંમત રૂા. ૬,૯૬,૦૦૦/-, રોયલ જનરલ પ્રીમીયમ વ્હીસ્કી પેટી નંગ ૧૯૬ ની બોટલ નંગ ૨૩૫૨ કિંમત રૂા.૯,૪૦,૦૦૦/-, બટાકાના કટા નંગ ૧૩૩ કિંમત રૂા.૧૩,૩૦૦/- તથા ટ્રક કિંમત રૂા.૭,૫૦,૦૦૦૦/- મળી કુલ રૂા.૨૭,૦૭,૩૦૦/-નો મુદામાલ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એચ.સિંધવ, પીએસઆઈ જે.જે.ગઢવી, એએસઆઈ વી.એન. બડવા, હે.કો. યશપાલસિંહ જાડેજા, પો.કો. ભરતભાઈ સોનારા, ડાયાભાઈ કરમટા, કરશનભાઈ કરમટા, મુકેશભાઈ કોડીયાતર વગેરે જોડાયા હતા.

# માણાવદરની રીયાસતોના ભવ્ય ભુતકાળની ગવાહી આપતા રાજમહેલ ખંઢેરમાં ફેરવાઈ રહયા છે!




માણાવદર તા. ૧૯

માણાવદર શહેર એકદિવસ ચોવીસી કહેવાતું એટલે કે ચોવીસ ગામોમનો રાજય ગણાતો હતો. આ શહેરમાં ભવ્ય રીયાસોત કે જે ભવ્ય ભુતકાળની ગવાહી આપતી અડીખમ ઉભી છે. રાજમહેલ જયાં એકદિવસ રજવાડાઓ અને રિયાસાત માટે જાહોજલાલીથી પ્રભાવિત હતી એ ભુતકાળમાં જઈએ તો હિન્દ છોડો આંદોલન ૧૯૪૨માં શરૂ થયું. ૨૫ જુન ૧૯૪૭ના રોજ દેશી રાજયોને એક કરી સરદાર વલ્લભભાઈ પટેલે તે વખતના સચિવ વી.પી.મેનનની પસંદગી કરી સૌરાષ્ટ્ર સંઘ સ્થાપ્યો. ૫૬૨ રજવાડાઓને ભારતમાં ભેળવી દેવાયા. સૌરાષ્ટ્રમાં ૨૨૨ જેટલા રાજ-રજવાડાઓ હતા. ૧૯૧ નાના રાજયો, ૧૪ મોટા સલામી રાજયો, ૧૭ બીનસલામી રાજયો હતા. તેમાનું એક માણાવદર રાજય નીચે ૨૪ ગામો હતા. એટલે ચોવીસી કહેવાતું હતું. ૧૯૪૭માં ૧૫મી ઓગષ્ટે ૫૬૨ રાજયો આઝાદ થયા હતા પરંતુ જે તે વખતે માણાવદર રાજય રજવાડાના નેજા હેઠળ જકડાયેલું હતું. તે વખતના નવાબ ગુલામ મોઈનુદિનખાનજીએ ભારત સંઘમાં જોડાવવાની ના પાડતા પ્રશ્ન ઉભો થયો હતો. નવાબને સમજાવવાના પ્રયાસો નિષ્ફળ રહયાનું કહેવાય છે. જેથી સરદાર વલ્લભભાઈ પટેલ અનો આગેવાનોએ અંતે ભારતીય લશ્કરને સાથે લઈ માણાવદર તરફ પ્રયાણ કર્યુ અને તા.૨૨-૧૦-૧૯૪૭ના દિવસે ભારતીય લશ્કરના તત્કાલીન કર્નલ હેમંતસિંહજીની આગેવાની હેઠળ ૧૭ જેટલા વાહનોમાં કાફલા સાથે સવારના પાંચ વાગ્યે હાલના ખંડર અને તે વખતના જાહોજલાલીવાળા જોરાવર બાગ ખાતે નવાબને ઉંઘમાં જ ઘેરી લીધો હતો જેની જાણ નવાબને થતાં નવાબનું કુટુંબ પાછળના દરવાજેથી ૨૦ લાખના જર જવેરાત લઈ ભાગી કેશોદ થઈ વિમાન માર્ગે કરાચી રવાના થયું હતું. બીજી એવી વાત કહેવાય છે કે જોરાવરબાગ ખાતો લશ્કરે નવાબની અટકાયત કરી અને તેને લઈ નવનાલા પુલ પાસે ચાલ્યા ત્યારે નવાબના બંગલામાં નોકરી કરતો બાકરખા નામનો પઠાણ નવાબના બંગલા તરફ જતો જોઈ લશ્કરી જવાનોએ રોકવા પ્રયત્ન કર્યા, વારંવાર ચેતવણી આપવા છતાં ન રોકાતા પાછાળ વાળવા અવાજ આપ્યા તેના જવાબમાં પઠાણે તેની પાસેની જામગીરી બંદૂક હાથમાં લઈ દારૂગોળો ભરવાનું શરૂ કર્યુ. આ જોઈ લશ્કરી જવાનોએ તેના ઉપર ફાયરીંગ કર્યુ અને તેને મોતને ઘાટ ઉતાર્યો. કર્નલ હેમંતસિંહજીએ જરૂરી પ્રક્રિયાઓ પુરી કરી સાંજના પાંચ વાગ્યે ગાંધીચોકમાં રહેલ નવાબની તિજોરીનો કબ્જો સંભાળ્યો તથા મનેજર તરીકે વાય.જી. મારૂની નિમણૂંક કરી નવાબના આશરે ૨૫ લાખ જેવી રકમના બોન્ડ પેપર હતા જે જપ્ત કરી નવાબની અટકાયત કર્યા બાદ તેને કરાંચી રવાના કર્યા હોવાનું કહેવાય છે. આમ ૨૨ ઓકટોબર, ૧૯૪૭ના દિવસે માણાવદરને આઝાદી મળી હતી. માણાવદર શહેરમાં આજે ભવ્ય ભુતકાળ ધરાવતી અનેક ઈમારતો ખંઢેર હાલતમાં છે. તેની જાળવણી કરી પ્રજાજનો માટે સરકારી ઓફસો કરવામાં આવે તો નવા ખર્ચા ન કરવા પડે તથા આવનારી પેઢી પણ ભવ્ય ભુતકાળથી વાકેફ થઈ શકે.

## હોસ્પિટલ, શાળા અને ક્રિકેટ એસોસિએશન આઈટીના રડારમાં

# વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકાર મહેસૂલી આવક વધારવા એક્શન મોડમાં, કરચોરીને ડામવા આઈટીએ પોતાની રણનીતિ ઘડી

નવી દિલ્હી, તા.૧૯

નાણાકીય રીતે સમૃદ્ધ સ્પોટર્સ બોડી તેમજ નફો કરતી હોસ્પિટલો અને ચેરીટેબલ ટ્રસ્ટો તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, ક્રિકેટ એસોસિએશનો ઈન્કમટેક્સ ટેકસ વસૂલવા માટે કેન્દ્ર સરકાર એકશન લેવાની તૈયારીમાં છે. થોડા સમય પહેલા જ અદાલત દ્વારા એમ ઠરાવવામાં આવ્યું હતું કે નાણાકીય રીતે સમૃદ્ધ કહી શકાય તેવા આ ક્ષેત્રોમાં એમની આવકનું પ્રમાણ જો સૌથી વધુ તો તે ટેકસ ભરવા માટે જવાબદાર છે.

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકાર હવે પોતાની મહેસુલી આવક વધારવા માગે છે અને ખાસ કરીને કરચોરીને ડામવા માટેના પગલા લેવા માટે ખાસ રણનીતિ બનાવવામાં આવી છે અને તેના ભાગરૂપે આવકવેરા વિભાગ દ્વારા અલગ અલગ સંસ્થાઓ પાસેથી મહેસુલી આવક મેળવવા માટેના પ્રયાસ ગતિશીલ બનાવવામાં આવ્યા છે. જેથી હવે આગામી વર્ષ ૨૦૨૩માં નફો કરતી હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, ક્રિકેટ એસોસિએશનો ઈન્કમટેક્સના રડારમાં આવી છે. આગામી સમયમાં માત્ર ચેરીટી કમિશનરમાં નોંધણી કરાવીને વેપારી ધોરણે પ્રવૃત્ત હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ જેટલી જ આવક, નફો કરતી સંસ્થાઓ પાસેથી ઈન્કમટેકસના કાયદા મુજબ કાર્યવાહી થઈ શકે તેવી શક્યતાઓ રહી છે.

તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટે આપેલા ચૂકાદા બાદ હવે ઈન્કમટેક્સની ટ્રીબ્યુનલ દ્વારા આપેલા ચૂકાદામાં ઈન્કમટેક્સ વિભાગની તરફેણમાં આવ્યા છે. ૮મી ડિસેમ્બરના રોજ હૈદરાબાદના એક ફાઉન્ડેશન વિરૂધ્ધ ઈન્કમટેક્સ કમિશનર (એકઝેમ્પશન)ના કેસમાં ઈન્કમટેક્સ ટ્રિબ્યુનલે ચૂકાદો આપ્યો છે. જેના પગલે હવે આઈટી વિભાગના લેન્સ હેઠળ નફો કરતી સંસ્થાઓ આવી છે. ટ્રિબ્યુનલે ઠરાવ્યું હતું કે. જો દર્દી પાસેથી કોમર્શિયલ ચાર્જ લેવાતા હોય તો હોસ્પિટલનું રજિસ્ટ્રેશન ચેરિટેબલ સંસ્થા તરીકે ન ગણી શકાય. તેમજ ગત ઓકટોબર માસમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ક્રિકેટ એસોસિએશનો બિઝનેશની માફક કાર્ય કરે છે ત્યારે તેમણે મેળવેલી ચેરિટેબલ સંસ્થા તરીકે મેળવેલી આવકવેરા મુક્તિની સ્કુટિની થવી જરૂરી છે. આ ચૂકાદો ઈન્કમટેક્સ વિભાગે ક્રિકેટ એસોસિએશનો સામે કરેલી અપીલને માન્ય રાખીને આપ્યો હતો, જેમાં ઈન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલને આ કેસ પુનઃ તપાસવા માટે જણાવ્યું હતું. જેથી હવે આવકવેરા વિભાગ દ્વારા સમૃદ્ધ સંસ્થાઓ જે સંતોષકારક રીતે આવક કરવા છતાં ટેકસ ભરતી નથી તેના પર નજર માંડશે. સત્તાવાર અહેવાલમાં એવી માહિતી આપવામાં આવી છે કે ટૂંક સમયમાં જ આવકવેરા ખાતા દ્વારા દેશમાં ભારે ચાર્જ વસૂલતી હોસ્પિટલો શૈક્ષણિક સંસ્થાઓ ચેરીટેબલ ટ્રસ્ટો તેમજ નાણાકીય રીતે સમૃદ્ધ ક્રિકેટ એસોસિએશ અને અન્ય બોડી ઉપર નજર માંડશે અને આવકવેરા વિભાગ તેમના બારણા ખખડાવશે તેવી શકયતા છે.

## રશિયા-યુક્રેન યુદ્ધ વધુ ખરાબ થવાનો ભય

# કીવ ઉપર હુમલા માટે રશિયા બે લાખ સૈનિક તૈયાર કરી રહ્યાનો યુક્રેનનો દાવો

કીવ, તા.૧૯

છેલ્લા ૧૦ મહિનાથી ચાલી રહેલું રશિયા-યુક્રેન યુદ્ધ રોકવાને બદલે વધુ ખરાબ થવાનો ભય છે. હવે યુક્રેનના આર્મી ચીફે દાવો કર્યો છે કે રશિયા રાજધાની કિવ પર હુમલો કરવા માટે બે લાખ નવા સૈનિકો તૈયાર કરી રહ્યું છે. બીજી તરફ યુરોપિયન યુનિયન (ઈયુ)એ રશિયા પર નવા પ્રતિબંધો લગાવ્યા છે. ઈયુએ પણ યુક્રેનને મદદ કરવાની જાહેરાત કરી છે. લડાઈ અત્યાર સુધી યુક્રેનના પૂર્વ અને દક્ષિણમાં કેન્દ્રિત છે, પરંતુ જનરલ વેલેરી જાલુજનીએ બ્રિટિશ મેગેઝિન સાથે વાત કરતા આશંકા વ્યક્ત કરી હતી કે રશિયા ફરીથી કિવને નિશાન બનાવશે. આ માટે તેઓ બે લાખ સૈનિકોની વિશેષ ટુકડી તૈયાર કરી રહ્યા છે. યુક્રેનિયન સેનાના કમાન્ડર-ઈન-ચીફ જાલુજનીએ આશંકા વ્યક્ત કરી છે કે નવા વર્ષ ૨૦૨૩ના શરૂઆતના મહિનામાં રશિયા કિવ પર નવો હુમલો કરી શકે છે. રશિયા લગભગ ૨,૦૦,૦૦૦ નવા સૈનિકો તૈયાર કરી રહ્યું છે. તેમાં કોઈ શંકા નથી કે તે ફરી એકવાર કિવ પર કૂચ કરશે. ધ ઈકોનોમિસ્ટ સાથેની ચર્ચામાં યુક્રેનના જનરલે કહ્યું કે આને ધ્યાનમાં રાખીને આપણે તૈયારી કરવી પડશે. આગામી કેટલાક મહિનાઓ માટે અનામત સૈનિકો અને લશ્કરી સામગ્રીનો સ્ટોક તૈયાર કરવો પડશે. યુરોપિયન યુનિયન એ રશિયા પર નવા પ્રતિબંધો લગાવ્યા, ઈયુએ પણ યુક્રેનને મદદ કરવા માટેની જાહેરાત કરી યુક્રેનમાં યુદ્ધને લઈને રશિયા પર દબાણ વધારવા માટે ઈયુએ નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી. આ સાથે ઈયુએ પણ યુક્રેનને મદદ આપવાની જાહેરાત કરી છે. ઈયુ એ ૨૭ દેશોના રાજદૂતો સાથે ઘણા દિવસોની પરામર્શ પછી નવા પ્રતિબંધોને મંજૂરી આપી. નવા પ્રતિબંધોમાં લગભગ ૨૦૦થી વધુ રશિયનોને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા છે. રશિયાના ખાણકામ પર પ્રતિબંધોની સાથે તેલની નિકાસ પર પણ પ્રાઈસ કેપ લાદવામાં આવી છે.

## ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશનનો અંદાજ

# ચીનમાં ૧ એપ્રિલ આસપાસ કોરોના વકરવાની શક્યતા

બિજિંગ, તા.૧૯

યુએસ સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશનના નવા અંદાજો અનુસાર, ચીનના કડક કોવિડ-૧૯ પ્રતિબંધો છતાં દેશમાં કોરોનાવાયરસ ચેપનો વિસ્ફોટ થઈ શકે છે અને ૨૦૨૩ સુધીમાં ૧ લાખથી વધુ લોકોના મોત થઈ શકે છે. કોવિડ -૧૯ ચેપના કેસ ૧ એપ્રિલની આસપાસ ચીનમાં ટોચ પર આવશે, જયારે મૃત્યુ ૩,૨૨,૦૦૦ સુધી પહોંચી જશે. આઈએચએમઈ ના ડિરેક્ટર ક્રિસ્ટોફર મુરેએ કહ્યું કે ત્યાં સુધીમાં ચીનની લગભગ ત્રીજા ભાગની વસ્તી સંક્રમિત થઈ ગઈ હશે. ચીનની નેશનલ હેલ્થ ઓથોરિટીએ કોવિડ પ્રતિબંધો હટાવ્યા પછી કોઈ સત્તાવાર કોવિડ મૃત્યુની જાણ કરી નથી. છેલ્લું સત્તાવાર મૃત્યુ ૩ ડિસેમ્બરે નોંધાયું હતું. રિપોર્ટ અનુસાર, કોરોના મહામારીને કારણે કુલ ૫,૨૩૫ લોકોના મોત થયા છે.

અભૂતપૂર્વ જાહેર વિરોધ પછી ચીને ડિસેમ્બરમાં વિશ્વના સૌથી સખત કોવિડ પ્રતિબંધો હટાવ્યા હતા અને હવે ચેપના વધારાનો સામનો કરી રહ્યું છે, આશંકા સાથે કે આવતા મહિને લૂનર નવા વર્ષની રજાઓ દરમિયાન ૧.૪ અબજની વસ્તી ચેપ લાગી શકે છે. જ્યારે આઈએચએમઈ ના અંદાજો ઓનલાઈન બહાર પાડવામાં આવ્યા હતા, ત્યારે ક્રિસ્ટોફર મુરેએ જણાવ્યું હતું કે, 'કોઈએ વિચાર્યું ન હતું કે તેઓ જ્યાં સુધી નહીં કરે ત્યાં સુધી તેઓ શૂન્ય-કોવિડ નીતિને સ્થાને રાખશે. ચીનની શૂન્ય-કોરોના નીતિ વાયરસના અગાઉના પ્રકારોને સમાવવામાં અસરકારક હોઈ શકે છે, પરંતુ ઓમિક્રોન વેરિઅન્ટની ઉચ્ચ સંચાર ક્ષમતાએ તેને લાગુ કરવાનું અશક્ય બનાવ્યું છે. સિએટલમાં યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટન ખાતે સ્વતંત્ર મોડેલિંગ જૂથ, આરોગ્ય મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશન માટે સંસ્થાએ કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન ઘણા દેશોમાં સરકારો અને કંપનીઓ દ્વારા અંદાજો પર આધાર રાખ્યો છે. આઈએચએમઈ એ હોંગકોંગમાં તાજેતરના ઓમિક્રોન ફાટી નીકળતાં પ્રાંતીય ડેટા અને માહિતી મેળવી હતી. મરે એ કહ્યું, "વુહાન ફાટી નીકળ્યા પછી ચીનમાં ભાગ્યે જ કોઈ કોવિડ મૃત્યુ નોંધાયા છે. તેથી અમે ચેપના મૃત્યુ દરનો ખ્યાલ મેળવવા માટે હોંગકોંગ તરફ જોયું.'' તેની આગાહી માટે, આઈએચએમઈ ચીની સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવેલ રસીકરણ દરોની માહિતી સાથે સાથે આ અંદાજ પણ લગાવવામાં આવી રહ્યો છે કે, સંકર્મણ દર વધવાથી વિવિધ પ્રાંતો કેવી પ્રતિક્રિયા આપશે.

## શિકારને પચવામાં લાગે છે ઘણા દિવસો

# મૃત્યુના થોડા કલાકો પછી પણ કરડી શકે છે સાપ

**વિશ્વમાં સાપની લગભગ ૩૦૦૦ પ્રજાતિઓ જોવા મળે છે, પરંતુ લગભગ ૨૦૦ પ્રજાતિઓ જ એવી છે, જેના કરડવાથી કોઈનો જીવ જાય છે**



નવી દિલ્હી, તા.૧૯

સાપનું નામ સાંભળતા જ લોકોને ડરના કારણે પરસેવો આવી જાય છે અને જો તે સામે આવે તો તેને જોઈને કોઈના પણ કંપારી છૂટી જાય છે. ઘણા સાપની બૂમો માણસના જીવનનો અંત લાવવા માટે પૂરતી છે. જો કે પૃથ્વી પર સાપની હજારો પ્રજાતિઓ જોવા મળે છે, પરંતુ તેમાંથી માત્ર થોડા જ સાપ એટલા ઝેરી હોય છે કે તેઓ પોતાના શિકારને પળવારમાં મારી નાખે છે. વિશ્વના કેટલાક સૌથી ખતરનાક સાપની યાદીમાં અંતર્દેશીય તાઈપાન ટોચ પર છે, જેનો એક ડંખ ૧૦૦ લોકોને મારી નાખવામાં સક્ષમ છે. જોકે આ સાપ માત્ર ઓસ્ટ્રેલિયામાં જ જોવા મળે છે. અનુમાન મુજબ, વિશ્વમાં સાપની લગભગ ૩૦૦૦ પ્રજાતિઓ જોવા મળે છે, પરંતુ લગભગ ૨૦૦ પ્રજાતિઓ જ એવી છે, જેના કરડવાથી કોઈનો જીવ જાય છે. વિશ્વનો સૌથી ભારે સાપ એનાકોન્ડા છે, જેનું વજન ૫૯૫ પાઉન્ડ એટલે કે ૨૭૦ કિલોગ્રામ છે અને તે ૧૬ ફૂટથી વધુ લાંબો છે. તે મનુષ્યોનો શિકાર પણ કરી શકે છે અને તેમને ગળી પણ શકે છે. બ્રિસ્ટોલ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ કેમિસ્ટ્રીની વેબસાઈટ અનુસાર, ઈન્લેન્ડ તાઈપાન સાપ કરડવાથી ૧૧૦mg ઝેર ઉત્પન્ન થાય છે, જે ૧૦૦ થી વધુ લોકો અથવા ૨૫૦,૦૦૦ ઉંદરોને મારી નાખવામાં સક્ષમ છે. સાપની આંખો પર પોપચા હોતા નથી અને મોઢામાં ચાવવાના દાંત હોતા નથી. આ જ કારણ છે કે સાપ તેમના શિકારને ગળી જાય છે. સાપના જડબા અને ચામડી એટલા લવચીક હોય છે કે તેઓ તેમના માથા કરતા મોટા શિકારને ગળી જાય છે. સાપ પીડિતને પચવામાં ૩ થી ૫ દિવસ લે છે કારણ કે તેમનું પાચન ધીમુ હોય છે. મૃત સાપનું માથું મૃત્યુના થોડા કલાકો પછી પણ કરડી શકે છે, તેથી તેનાથી દૂર રહો. સાપને બહારના કાન પણ નથી હોતા પરંતુ આંતરિક કાન હોય છે, તેઓ સૂંઘવા માટે પણ પોતાની જીભનો ઉપયોગ કરે છે. વિશ્વમાં ઝેરી સાપની કુલ ૭૨૫ પ્રજાતિઓ છે, જેમાંથી માત્ર ૨૫૦ જ મનુષ્યો પર હુમલો કરે છે. કિંગ કોબ્રા એશિયાનો સૌથી ઝેરી સાપ છે, જે આપણા દેશમાં નાગ તરીકે ઓળખાય છે. તે ખૂબ જ બુદ્ધિશાળી પણ છે. માણસોના ડરને કારણે સાપ તેમને સૌથી વધુ શિકાર બનાવે છે, જયારે એક વર્ષમાં ૪૦ હજારથી વધુ લોકો સાપના ઝેરથી મૃત્યુ પામે છે. સાપમાં બે પ્રકારના ઝેર જોવા મળે છે. આમાંથી એક આપણી ચેતાતંત્રને નષ્ટ કરે છે જયારે બીજી કોષોનો નાશ કરે છે.

# યુક્રેનમાં દુષ્કર્મ કરનારા સૈનિકોને પાઠ ભણાવશે

**બ્રિટનનું સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટ રશિયન સૈનિકોને શોધી કાઢશે અને તેમની સામે કાર્યવાહી કરશે**



મોસ્કો તા.૧૯

યુક્રેન ઉપર થયેલા અત્યાચારનો બદલો લેવા બ્રિટન આગળ આવ્યું છે. બ્રિટનનું સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટ રશિયન સૈનિકોને શોધી કાઢશે અને તેમની સામે કાર્યવાહી કરશે કે જેઓ મહિલાઓ, બાળકો અને પુરૂષો ઉપર જાતીય હુમલો કરવાના શંકાસ્પદ છે.

યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને ૧૦ મહિના થવા જઈ રહ્યા છે. ફેબ્રુઆરીમાં, રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યુ. તે પછી રશિયન સૈનિકો દ્વારા યુક્રેનની મહિલાઓ અને બાળકો પર બળાત્કારના અહેવાલો પણ આવ્યા હતા, જેના વિશે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીની પત્નીએ પણ અવાજ ઉઠાવ્યો હતો. હવે યુક્રેન ઉપર થયેલા અત્યાચારનો બદલો લેવા બ્રિટન આગળ આવ્યું છે.

બ્રિટનનું સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટ રશિયન સૈનિકોને શોધી કાઢશે અને તેમની સામે કાર્યવાહી કરશે કે જેઓ મહિલાઓ, બાળકો અને પુરૂષો ઉપર જાતીય હુમલો કરવાના શંકાસ્પદ છે. જાતીય હિંસા મોબાઈલ જસ્ટિસ ટીમ સ્થાનિક જાસૂસોને તાલીમ આપશે અને રશિયન લશ્કરી જાતીય આક્રમણકારોને શોધવામાં મદદ કરશે. આમાંથી ઘણા હજુ પણ યુક્રેનમાં છે.

જાતીય હુમલાની તપાસ માટે ટીમ બનાવવામાં આવશે. આ ટીમ ચાર વર્ષથી નીચેના બાળકો, વડીલો, પુરૂષો અને મહિલાઓ ઉપર થતા જાતીય હુમલાની તપાસ કરશે. બ્રિટનના માનવાધિકાર વકીલ વેન જોર્ડન આ ટીમના વડા છે અને તેમણે કહ્યું હતું કે મોસ્કો કમાન્ડરો યુક્રેનમાં જાતીય હુમલાને પ્રોત્સાહન આપવાની શંકા હેઠળ છે. તેમણે કહ્યું, "રશિયન કમાન્ડરો માત્ર આ જાતીય હિંસા ગુનાઓને સ્વીકારી, પ્રોત્સાહિત કરી રહ્યાં નથી પરંતુ આદેશ પણ આપી રહ્યા છે."

ઘણા આરોપો એવા લોકો સામે છે કે જેઓ જાતીય હુમલા માટે દોષિત છે જેમને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા માફ કરવામાં આવ્યા છે. ગ્લોબલ રાઈટ્સ કમ્પ્લાયન્સ દ્વારા યુક્રેનિયનો સહિત કાયદાકીય નિષ્ણાંતોની એક ટીમની સ્થાપના કરવામાં આવી છે. તેમનું કહેવું છે કે આવા પુરાવા સામે આવ્યા છે, જેમાં ચાર વર્ષની બાળકીથી લઈને ૮૫ વર્ષના વ્યક્તિ સાથે બળાત્કાર અને યૌન ઉત્પીડનનો ખુલાસો થયો છે.

